

નવસર્જન સંસ્કૃતિ

RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 10
Issue : 004
Dt.: 08-11-2025,
Saturday
Page:04
Rs.00.50 paisa

EDITOR : RAGINI JIGNESHKUMAR VAGHELA Regd. Office : B/13, Sneh Plaza Shopping Centre, I.O.C. Road, Chandkheda, Ahmedabad-382 424, Gujarat, India.

Phone : 76983 33307 (M) 84859 51747, 70963 33307 • Email : navsarjansanskruti2016@gmail.com • Email : navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com


### રખડતા શ્વાન મામલે સુપ્રીમ કોર્ટની ઝાટકણી

## સ્કૂલ-કૉલેજ, હૉસ્પિટલો અને બસ-રેલવે સ્ટેશનો પરથી રખડતા ઢોર-કૂતરા હટાવો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

આજે શુક્રવારે સુપ્રીમ કોર્ટે રખડતા કૂતરાઓના મુદ્દા પર ત્રણ આદેશો જાહેર કર્યા છે. કોર્ટે નિર્દેશ આપ્યો છે કે, રાજ્યો એમિકસ ક્યુરીના રિપોર્ટ પર કાર્ય કરે અને સોગંદનામું દાખલ કરે. બીજા આદેશમાં, કોર્ટે નિર્દેશ આપ્યો કે, રસ્તાઓ પર રખડતા પ્રાણીઓ અંગે રાજસ્થાન હાઈકોર્ટના આદેશનો દેશવ્યાપી અમલ કરવામાં આવે. રખડતા પ્રાણીઓને હાઈવે અને રસ્તાઓ પરથી દૂર કરીને આશ્રયસ્થાનોમાં રાખવા જોઈએ. મ્યુનિસિપલ કોર્પોરેશનોએ પેટ્રોલિંગ ટીમો બનાવવી જોઈએ અને ૨૪ કલાક દેખરેખ રાખવી જોઈએ. આ સાથે, કોર્ટે હેલ્પલાઈન નંબર જાહેર કરવાનો પણ આદેશ આપ્યો છે.

ત્રીજા આદેશમાં, સુપ્રીમ કોર્ટે નિર્દેશ આપ્યો હતો કે, રખડતા કૂતરાઓને શૈક્ષણિક સંસ્થાઓ, રમતગમત સંકુલ, હોસ્પિટલો, બસ સ્ટેન્ડ અને રેલવે સ્ટેશનોમાં દીવાલ કરીને પ્રવેશતા અટકાવવામાં આવે અને અન્ય પગલાં લેવામાં આવે. રખડતા કૂતરાઓને ત્યાં રહેવા ન દો. તેમને રસી આપો, નસબંધી કરો અને તેમને આશ્રયસ્થાનોમાં રાખો. કોર્ટે આઠ અઠવાડિયામાં તેના આદેશનો અમલ કરવાનો આદેશ આપ્યો છે.

જણાવી દઈએ કે, ૧૧ ઓગસ્ટના રોજ, જસ્ટિસ જે.બી. પારડીવાલા અને આર. મહાદેવનની બેન્ચે કૂતરા કરડવાની ઘટનાઓ પર કડક વલણ અપનાવતા, દિલ્હી, નોઈડા, ગાઝિયાબાદ, ગુરુગ્રામ અને ફરીદાબાદમાં બધા રખડતા કૂતરાઓને આશ્રયસ્થાનોમાં મર્યાદિત રાખવાનો આદેશ આપ્યો હતો. પ્રાણી પ્રેમીઓએ આનો વિરોધ કર્યો અને આ મામલો મુખ્ય ન્યાયાધીશ સમક્ષ લાવ્યો, ત્યારબાદ આ મામલો ત્રણ ન્યાયાધીશોની બેન્ચને મોકલવામાં આવ્યો હતો. ત્રણ ન્યાયાધીશોની બેન્ચે, અગાઉના આદેશને ઉલટાવીને, દિલ્હી-NCRમાં રખડતા કૂતરાઓને પકડવા, નસબંધી કરવા, રસીકરણ કરવા અને મુક્ત કરવાનો આદેશ આપ્યો હતો. વધુમાં, ૨૨ ઓગસ્ટના રોજ, કોર્ટે સુનાવણીનો વ્યાપ વધાર્યો, વિવિધ હાઈકોર્ટમાં પેન્ડિંગ કેસોને પોતાની તરફ ટ્રાન્સફર કર્યા, અને રાજ્યોને સોગંદનામું દાખલ કરવા કહ્યું હતું. જોકે, બે મહિનામાં ફક્ત બે રાજ્યોએ સોગંદનામું દાખલ કર્યું હતું. ન્યાયાધીશોએ આશ્ચર્ય વ્યક્ત કર્યું કે, બે રાજ્યો સિવાય કોઈએ તેમની નોટિસના જવાબમાં સોગંદનામું દાખલ કર્યું નહીં. દિલ્હી સરકારનું સોગંદનામું પણ ફાઈલ કરવામાં આવ્યું ન હતું. ફક્ત દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશન (MCD) એ એક દાખલ કર્યું હતું. ૨૭ ઓક્ટોબરના રોજ સુનાવણી દરમિયાન, કોર્ટે નોંધ્યું હતું કે, દેશભરમાં કૂતરા સંબંધિત ઘટનાઓ સતત બની રહી છે. વૈશ્વિક સ્તરે ભારતની છબી ખરડાઈ રહી છે.

આવી સ્થિતિમાં, રાજ્ય સરકારોનું બેદરકાર વલણ ખોટું છે. રાજ્યો દ્વારા જવાબ દાખલ કરવામાં નિષ્ફળતા પર નારાજગી વ્યક્ત કરતા કોર્ટે પૂછ્ કેયું, "શું રાજ્યના અધિકારીઓ અખબારો વાંચતા નથી કે, સોશિયલ મીડિયાનો ઉપયોગ કરતા નથી?" જો આદેશની નકલ તેમના ડેસ્ક સુધી પહોંચી ન હોય, તો પણ તેઓ આ મહત્વપૂર્ણ બાબતથી વાકેફ હશે.



### ૨૭ વિસ્તાર રેડ ઝોનમાં

## દિલ્હીના પ્રદૂષણમાં રાહત નહીં, દિવાળી બાદ AQI ફરી ૩૦૦થી વધુ

**દિવાળી પછી પણ દિલ્હીમાં ઘણા વિસ્તારોમાં રેડ ઝોન, ઠંડીમાં વધારો સાથે પ્રદૂષણ યથાવત બેવડી ઋતુનો સામનો કરી રહ્યા છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દિવાળી પછી દિલ્હીમાં હવામાન બદલાઈ રહ્યું છે અને ઠંડી વધી રહી છે, દિલ્હીવાસીઓ પ્રદૂષણ અને ઠંડીના બેવડા પ્રકોપનો સામનો કરી રહ્યા છે. આજે દિલ્હીના ઘણા વિસ્તારો રેડ ઝોનમાં છે, જ્યાં AQI 300 થી ઉપર છે. બવાનામાં સૌથી વધુ AQI 366 છે. સતત ભારે પવનોને કારણે દિલ્હીમાં હવામાન ઠંડુ થઈ ગયું છે. સવાર અને સાંજ વધુ ઠંડી પડી રહી છે. જોકે, પવનો હોવા છતાં, દિલ્હીનું પ્રદૂષણ ઘટવાના કોઈ સંકેત દેખાતા નથી.

આજે પણ, દિલ્હી શહેરનો સરેરાશ AQI ૩૧૦ પર પહોંચ્યો છે. દિલ્હીના મોટાભાગના વિસ્તારો રેડ ઝોનમાં છે. દિલ્હીના ૨૭ વિસ્તારોમાં AQI ૩૦૦ થી ઉપર છે. આનંદ વિહારથી વઝીરપુર સુધી, કેટલાક વિસ્તારોમાં સતત ૩૦૦ નું AQI જાળવી રાખવામાં આવ્યું છે. દિવાળી પછી પણ દિલ્હીના વિસ્તારોમાં AQI ૩૦૦ થી ૪૦૦ ની વચ્ચે છે. આનંદ વિહારનો ૩૨૪, અશોક વિહારનો ૩૧૯, બાવાનાનો ૩૬૬, બુરારી ક્રોસિંગનો ૩૪૩, ચાંદની ચોકનો ૩૪૬, મથુરા રોડનો ૩૩૧, કરણી સિંહનો ૩૨૧, દ્વારકા-સેક્ટર ૮નો 313, ITOનો ૩૩૪, જહાંગીરપુરીનો ૩૨૮, જવાહરલાલ નહેરુ સ્ટેડિયમનો ૩૦૨, મંદિર માર્ગનો ૩૦૩, મુંડકાનો ૩૩૬ , નરેલાનો ૩૩૩, નહેરુ નગરનો ૩૩૪, ઉત્તર કેમ્પસનો ૩૧૩, ઓખલા ફેઝ ૨નો ૩૦૬, પટપડગંજનો ૩૦૯, પંજાબી બાગનો ૩૪૨, પુસાનો ૩૩૨, આરકે પુરમનો ૩૨૬, રોહિણીનો ૩૩૬, સિરીનો ૩૩૩ સોનિયા વિહારનો કિલ્લો, ૩૨૨, વિવેક વિહાર ૩૨૪, વઝીરપુરનો ૩૩૭ છે.

દિલ્હીના કેટલાક વિસ્તારોમાં AQI ૩૦૦ થી નીચે છે, જેમાં DTU નો AQI ૨૭૧, આયા નગરનો ૨૬૪, દિલશાદ ગાર્ડનનો ૨૪૮, લોધી રોડનો ૨૧૮, મેજર ધ્યાનચંદ સ્ટેડિયમનો ૨૯૩, નજફગઢનો ૨૭૧, શાદીપુરનો ૨૬૦ અને અરવિંદો માર્ગનો ૨૮૪નો સમાવેશ થાય છે . આ વિસ્તારોમાં, AQI ૨૦૦ થી ૩૦૦ ની વચ્ચે છે, જેને ખરાબ માનવામાં આવે છે. ત્યાંની હવા ઝેરી બની છે. દિલ્હીની સાથે, ગાઝિયાબાદ, નોઈડા અને ગુરુગ્રામમાં પણ હવાની ગુણવત્તા અત્યંત ખરાબ છે. આજે ગ્રેટર નોઈડાનો AQI ૨૪૮, નોઈડાનો ૨૭૨ અને ગુરુગ્રામનો ૨૪૫ છે. દિલ્હીમાં પણ ઠંડી વધી રહી છે. આજે દિલ્હીમાં મહત્તમ તાપમાન ૨૬ ડિગ્રી સેલ્સિયસ અને લઘુત્તમ તાપમાન ૧૧ ડિગ્રી સેલ્સિયસ રહેવાની ધારણા છે. દિલ્હીમાં તાપમાન સતત ઘટી રહ્યું છે, જેના કારણે ઠંડીમાં વધારો થઈ રહ્યો છે.

દિલ્હીમાં બદલાતા હવામાનને કારણે લોકો શરદી અને ફ્લૂનો સામનો કરી રહ્યા છે. પ્રદૂષણને કારણે આંખોમાં બળતરા અને શ્વાસ લેવામાં પણ તકલીફ થઈ રહી છે. લોકોને વિવિધ પ્રકારની સ્વાસ્થ્ય સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે. આવી સ્થિતિમાં, ડોકટરોએ લોકોને સાવચેત રહેવાની અને બહાર નીકળતી વખતે માસ્ક પહેરવાની સલાહ આપી છે.

## ભારતીય મહિલા ટીમે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ સાથે કરી મુલાકાત

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

તાજેતરમાં આઈસીસી મહિલા વર્લ્ડ કપ-૨૦૨૫નો ખિતાબ જીતનારી ભારતીય મહિલા ક્રિકેટ ટીમે ગુરુવારે (૬ નવેમ્બર) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ સાથે રાષ્ટ્રપતિ ભવનમાં મુલાકાત કરી છે.

આ દરમિયાન રાષ્ટ્રપતિએ ટીમને તેમની ઐતિહાસિક જીત બદલ શુભેચ્છાઓ પાઠવી છે. આ પહેલા ટીમે બુધવારે (૫ નવેમ્બર) વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે તેમના નિવાસસ્થાને મુલાકાત કરી હતી.

હરમનપ્રીત કૌરની આગેવાની હેઠળની ટીમે આઈસીસી મહિલા વર્લ્ડ કપની ફાઈનલમાં દક્ષિણ આફ્રિકાને ૫૨ રનથી હરાવીને પ્રથમ મહિલા વર્લ્ડ કપનો જીત્યો હતો. મુલાકાત દરમિયાન ભારતીય ટીમના કેપ્ટન હરમનપ્રીત કૌરે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને ભારતીય ટીમની જર્સી ભેટમાં આપી હતી.

રાષ્ટ્રપતિએ ટીમને અભિનંદન આપતા કહ્યું કે, તેમણે ઈતિહાસ રચ્યો છે અને યુવા પેઢી માટે આદર્શ બની ગયા છે. આ ટીમ ભારતનું પ્રતિબિંબ છે.' આ ઐતિહાસિક જીત સાથે હરમનપ્રીત કૌર ભારતની ચોથી કેપ્ટન બની ગઈ છે, જેણે ક્રિકેટ વર્લ્ડ કપ જીત્યો છે.

કૌર પહેલા કપિલ દેવ, એમ.એસ.ધોની અને રોહિત શર્માએ ભારતને વિશ્વકપ અપાવ્યો હતો. આ રીતે મહિલા ટીમની કેપ્ટન હરમનપ્રીત પણ હવે ગૌરવશાળી યાદીમાં સામેલ થઈ ગઈ છે.

## મૃત મહિલાના ચૂંટણી કાર્ડ પર બ્રાઝિલિયન મોડેલનો ફોટો જોઈને ચોંક્યો પરિવાર

(સંપૂર્ણ સમાચાર સેવા)ચંડીગઢ

રાહુલ ગાંધીએ વોટ ચોરીને લઈને નવા ખુલાસા કર્યા છે અને એક બ્રાઝિલિયન મોડેલે ૨૨ જગ્યાએ મતદાન કર્યાનો દાવો કર્યો છે. રાહુલ ગાંધીના જણાવ્યાનુસાર, આ કથિત બ્રાઝિલિયન મોડેલે રાય વિધાનસભા મતવિસ્તારમાંથી વિમલા, સરોજ અને ગુનિયા નામની ત્રણ મહિલાઓના નામે મતદાન કર્યુ હતું. ત્યારે હવે આ ત્રણેય મહિલાઓના પરિવારજનોએ પોતાના દસ્તાવેજોમાં થયેલી ગરબડીને લઈને મોટા ખુલાસા કર્યા છે અને આ અંગે કાર્યવાહી થાય એવી માંગણી કરી છે.હરિયાણાના રાય વિધાનસભા મતવિસ્તારમાંથી વિમલા, સરોજ અને ગુનિયા નામના ત્રણ મતદારોના ચૂંટણી કાર્ડમાં એક બ્રાઝિલિયન મોડેલના ફોટો ચર્ચાનું કેન્દ્ર બન્યો છે. જોકે, આ ત્રણેય મહિલાઓના પરિવારોએ આ બનાવટને છેતરપિંડી જાહેર કરી છે.

વિમલાના પુત્રએ પુષ્ટિ કરી કે એક રહસ્યમય મતદાર તેની માતાના નામે નોંધાયેલ છે, જેનો EPIC નંબર અલગ છે, પરંતુ ઘર નંબર વિમલાના ઘરનો જ છે. વિમલાને લોકસભા કે વિધાનસભાની ચૂંટણીમાં મતદાન કરવામાં કોઈ સમસ્યા નહોતી. પરંતુ તેમના ઘર નંબર સામે નોંધાયેલું ખોટું ઓળખ કાર્ડ છેતરપિંડી છે.વિમલા સિવાય સરોજ અને ગુનિયા નામની મહિલાના ઓળખપત્ર પર પણ બ્રાઝિલિયન મહિલાનો ફોટો દેખાય છે. સરોજના પરિવારે દાવો કર્યો છે કે, લગ્ન પછી તેનું નામ ભિવાની વિધાનસભા મતવિસ્તારમાં ઉમેરવામાં આવ્યું છે. સરોજે ૨૦૦૧થી રાય વિધાનસભા મતવિસ્તારમાં મતદાન કરવા આવી નથી. આ સિવાય ગુનિયાનું માર્ચ ૨૦૨૨માં અવસાન થયું હતું. જોકે, તેમ છતાં ગુનિયાનું નામ મતદાર યાદીમાં દેખાઈ રહ્યું છે. જેમાં પણ બ્રાઝિલિયન મહિલાનો ફોટો દેખાય છે. ગુનિયાનો પરિવાર મૂંઝવણમાં છે કે મૃત્યુ પછી પણ ગુનિયાનો ફોટો હજી યાદીમાં કેવી રીતે છે અને તેના પર ખોટો ફોટો કેમ દેખાઈ રહ્યો છે?આમ, ત્રણેય મહિલાઓના પરિવારજનો આશ્ચર્યચકિત છે કે તેમની જાણ બહાર તેમના ચૂંટણી કાર્ડ સાથે આટલી મોટી છેતરપિંડી કરવામાં આવી છે. મૃત મહિલાનું નામ હજુ પણ મતદાર યાદીમાં ચાલી રહ્યું છે તથા મતવિસ્તાર છોડીને ગયેલી મહિલાનું નામ પણ જૂની યાદીમાં જુદા જ ફોટો સાથે ચાલી રહ્યું છે. આ ત્રણેય મહિલાઓના પરિવારજનોએ રાહુલ ગાંધીના દાવાને ટેકો આપ્યો અને જવાબદાર લોકો સામે કાયદેસરની કાર્યવાહીની માંગ કરી છે. જોકે, આ ત્રણેય કિસ્સાઓએ ચૂંટણી પ્રક્રિયા અને મતદાર યાદીની સુરક્ષા વ્યવસ્થા પર ગંભીર સવાલો ઊભા કરે છે, જેના પર રાજકીય ગરમાવો વધી રહ્યો છે.

### કંપનીના શેરધારકોએ રેકોર્ડબ્રેક પગાર પેકેજ મંજૂર કર્યું

## એલન મસ્ક હવે દુનિયાના પ્રથમ ટ્રિલિયનેર બનવાની નજીક પહોંચી ગયા

**આ પેકેજ એટલું મોટું છે કે જો ટેસ્લા તેના જણાવેલા વૃદ્ધિ લક્ષ્યોને પ્રાપ્ત કરે છે, તો મસ્કની નેટવર્થ $1 ટ્રિલિયન સુધી પહોંચી શકે**

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

ટેસ્લાના સીઈઓ એલન મસ્ક હવે દુનિયાના પ્રથમ ટ્રિલિયનેર બનવાની નજીક પહોંચી ગયા છે. કંપનીના શેરધારકોએ તેમના માટે રેકોર્ડ તોડ વેતન પેકેજને મંજૂરી આપી છે. આ પેકેજ એટલું મોટું છે કે જો ટેસ્લા પોતાના નક્કી ગ્રોથ ટાર્ગેટ હાસિલ કરી લે તો મસ્કની નેટવર્થ ૧ ટ્રિલિયન ડોલર સુધી પહોંચી શકે છે. ટેક્સાસમાં ગુરૂવારે યોજાયેલી ટેસ્લાની વાર્ષિક શેરધારક બેઠકમાં ૭૫ ટકાથી વધુ શેરધારકોએ મસ્કને સ્ટોક-બેસ્ડ કંપેનશેશન પ્લાનના પક્ષમાં મત આપ્યો. પરિણામની જાહેરાત બાદ ગોલ તાળીઓ અને નારાથી ગૂંજી ઉઠ્યો હતો. મસ્કે શેરધારકો અને ટેસ્લા બોર્ડનો આભાર માનતા કહ્યું- આઈ સુપર એપ્રીશિએટ ઈટ.

મસ્કને પગાર મળતો નથી. તેમની સંપૂર્ણ આવક સ્ટોક ઓપ્શન્સમાંથી આવે છે. આ નવા પેકેજ હેઠળ, તેમને આગામી ૧૦ વર્ષમાં ૪૨૩.૭ મિલિયન ટેસ્લા શેર મળી શકે છે. જો કંપનીનું બજાર મૂલ્ય ઈ૮.૫ ટ્રિલિયન સુધી પહોંચે છે, તો આ પેકેજ લગભગ $1 ટ્રિલિયનનું થઈ શકે છે. આનો અર્થ એ થયો કે ટેસ્લાના શેરના ભાવમાં તેના વર્તમાન સ્તરથી આશરે ૪૬૬ ટકાનો વધારો થશે, જે તેને Nvidia જેવી દિગ્ગજો કરતાં પણ વધુ મૂલ્યાંકન આપશે.જો મસ્કને આ પેકેજના તમામ ૧૨ હપ્તા મળે છે, તો તેમની સરેરાશ દૈનિક કમાણી ઈ૨૭૫ મિલિયન (આશરે ૨,૩૦૦ કરોડ) પ્રતિ દિવસ થશે, જે કોઈપણ એક્ઝિક્યુટિવ માટે અત્યાર સુધીનો સૌથી મોટો પગાર સોદો બનશે. ટેસ્લાના બોર્ડે શેરધારકોને ચેતવણી આપી હતી કે જો આ પે પ્લાનને મંજૂરી ન મળે તો મસ્ક કંપની છોડવાનો નિર્ણય કરી શકે છે. બોર્ડે રેગુલેટરી ફાઈલિંગમાં કહ્યું કે મસ્કે પોતાના નિયંત્રણને લઈને ચિંતા વ્યક્ત કરી હતી અને તે સીઈઓ બન્યા રહેવા માટે આ પેકેજથી મળનારી ગેરંટી ઈચ્છતા હતા. જોકે, આ વર્ષ કંપની માટે સરળ રહ્યું નથી. ૨૦૨૫ માં ઈલેક્ટ્રિક વાહનોની માંગમાં ઘટાડો અને યુએસ સરકારના પ્રોત્સાહનોમાં ઘટાડાને કારણે ટેસ્લાના વેચાણ અને નફામાં તીવ્ર ઘટાડો થયો છે. આમ છતાં, આ પગાર પેકેજની મંજૂરીથી મસ્કની સ્થિતિ મજબૂત થઈ છે અને તેમને ઈતિહાસના સૌથી ધનિક વ્યક્તિ બનવાની દિશામાં એક ડગલું નજીક લઈ ગયા છે.

## અમેરિકામાં શટડાઉનની માઠી અસર: ન્યૂયોર્ક, લોસ એન્જેલસ સહિત ૪૦ એરપોર્ટ પર સંચાલન ઠપ થશે!

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

અમેરિકામાં સરકારી શટડાઉન બીજા મહિનામાં પ્રવેશી ગયું છે, જેના કારણે એર ટ્રાફિક કંટ્રોલર્સની અછતને કારણે એરપોર્ટ પર ફ્લાઈટ્સમાં વિલંબ હજુ શરૂ છે. શટડાઉનના કારણે શુક્રવારથી ન્યૂ યોર્ક, લૉસ એન્જેલસ અને શિકાગો સહિત લગભગ 40 અમેરિકન એરપોર્ટ પર ફ્લાઈટ્સ બંધ થઈ જશે. એસોસિએટેડ પ્રેસના અહેવાલ મુજબ, ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશન (FAA) એ જણાવ્યું હતું કે, મુસાફરોની સલામતી જાળવવા માટે તે 40 મુખ્ય એરપોર્ટ પરથી ફ્લાઈટ્સ ઘટાડવામાં આવશે. FAA એ એર ટ્રાફિક કંટ્રોલર્સ પર દબાણ ઓછું કરવા માટે ફ્લાઈટ ઘટાડાનો અમલ કર્યો, જેઓ સરકારી શટડાઉન દરમિયાન પગાર વિના કામ કરી રહ્યા હતા અને ઝડપથી કામ બંધ કરી રહ્યા હતા. નિયંત્રકોને પહેલાંથી જ એક મહિનાનું વેતન નથી મળી શક્યું અને વધતા નાણાંકીય દબાણ વચ્ચે શટડાઉનના કારણે આવનારા અઠવાડિયામાં પણ કંઈ નહીં મળે. એરપોર્ટ અથવા અન્ય સુવિધાઓ પર નિયંત્રકોની અછતને કારણે FAA પહેલાથી જ ઘણી વખત ફ્લાઈટ્સ મોડી પાડી ચૂક્યું છે.ન્યૂયોર્ક, લોસ એન્જેલસ અને શિકાગો એરપોર્ટની સાથોસાથ અમેરિકાભરના કેન્દ્ર અને 40 એરપોર્ટનો સમાવેશ થાય છે, જ્યાં સરકારી શટડાઉનના કારણે શુક્રવારે ફ્લાઈટમાં ઘટાડો થવાનો છે. નિષ્ણાતોનું અનુમાન છે કે, હજારો ફ્લાઈટ રદ થઈ શકે છે. એવિએશન વિશ્લેષણ કંપનીનો અંદાજ છે કે, આ ઘટાડાથી કુલ 1,800 ફ્લાઈટ્સ અને 2,68,000થી વધુ બેઠકો હોઈ શકે છે.




# તંત્રી લેખ......

## વધુ એક મુસ્લિમ દેશ કઝાકિસ્તાન ઈઝરાયલ સાથે કરશે દોસ્તી

મધ્ય-પૂર્વમાં ટ્રમ્પના શાંતિ પ્રયાસો વચ્ચે એક મહત્ત્વની અપડેટ આવી છે. વિશ્વમાં અગ્રણી એક મુસ્લિમ દેશ ઈઝરાયલને માન્યતા આપવા જઈ રહ્યું છે. જેને સૌ કોઈ અમેરિકાના પ્રમુખ ટ્રમ્પ અને ઈઝરાયલના વડાપ્રધાન નેતન્યાહૂની મોટી સફળતાના રૂપમાં જોઈ રહ્યા છે.

ગઈકાલે ગુરૂવારે કઝાકિસ્તાને જાહેરાત કરી હતી કે, અમે અબ્રાહમ સંધિમાં સામેલ થઈશું. આ સંધિની શરૂઆત વર્ષ ૨૦૨૦માં અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના પ્રથમ કાર્યકાળ દરમિયાન થઈ હતી. યુએઈ અને બહેરિન જેવા ટોચના દેશોએ ઈઝરાયલ સાથે સંબંધોને સામાન્ય કર્યા છે.

અબ્રાહમ સંધિમાં કઝાકિસ્તાન સામેલ થયું છે. પ્રમુખ કાસિમ-જોમાર્ટ તોકાયેવે પ્રમુખ ટ્રમ્પ અને મધ્ય એશિયાના અન્ય નેતાઓ સાથે શિખર સંમેલનમાં હિસ્સો લઈ રહ્યા છે. કઝાકિસ્તાનનો આ નિર્ણય મધ્ય-પૂર્વમાં અમેરિકાનું વધી રહેલુ વર્ચસ્વ દર્શાવે છે. જો કે, કઝાકિસ્તાને આ નિર્ણય અંગે સ્પષ્ટતા આપી હતી કે, અબ્રાહમ સંધિમાં સામેલ થવુ સ્વાભાવિક અને તાર્કિક છે. અમારી વિદેશ નીતિ નિરંતરતાનું પ્રતિનિધિત્વ કરે છે. જે સંવાદ, પારસ્પારિક સન્માન અને ક્ષેત્રીય સ્થિરતા પર આધારિત છે. અગાઉ અમેરિકાના વિશેષ દૂત સ્ટીવ વિટકોફે જણાવ્યું હતું કે, એક નવો દેશ સંધિમાં સામેલ થશે. જેની અગાઉ અટકળો પણ લગાવવામાં આવી હતી. મિયામીમાં અમેરિકા બિઝનેસ ફોરમમાં વિટકોફે જણાવ્યું હતું કે, હું આજે રાત્રે વોશિંગ્ટન પરત જઈ રહ્યો છું, કારણકે અમે આજે રાત્રે જાહેરાત કરવા જઈ રહ્યા છીએ કે, અમે અબ્રાહમ સંધિમાં સામેલ થવા જઈ રહ્યા છીએ. અબ્રાહમ સંધિ એ યુએઈ અને ઈઝરાયલ વચ્ચે શાંતિ, રાજદ્વારી સંબંધો અને સંપૂર્ણ સામાન્યીકરણની સંધિ છે.

સપ્ટેમ્બર ૨૦૨૦માં અમેરિકાના વ્હાઈટ હાઉસ ખાતે આ સંધિ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. તેના સહભાગી દેશો ઈઝરાયલ, યુએઈ, બહેરિન, મોરોક્કો અને સુદાન છે. હવે કઝાકિસ્તાનનો પણ તેમાં સમાવેશ થયો છે. આ સંધિનો મુખ્ય હેતુ ઈઝરાયલ અને આરબ દેશો વચ્ચે સંપૂર્ણ રાજદ્વારી સંબંધો સ્થાપિત કરવાનો છે, જેમાં આર્થિક સહયોગ, સુરક્ષા સહયોગ, ટેકનોલોજી અને ઈનોવેશન, પ્રવાસન અને સાંસ્કૃતિક આદાનપ્રદાન સહિતના ક્ષેત્રો આવરી લેવામાં આવ્યા છે.

# વિકલી માર્કેટ રિપોર્ટ: સોનાના વાયદામાં રૂ.૮૯૫ અને ચાંદીના વાયદામાં રૂ.૧,૭૭૧ની નરમાઈ: ક્રૂડ તેલના વાયદામાં સેંકડા ઘટ્યા

### કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૫૩૦૫૨.૨૨ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૨૮૮૬૯૦૫.૧૫ કરોડનું સાપ્તાહિક ટર્નઓવર: સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૧૮૪૫૬૫.૪૯ કરોડનાં સાપ્તાહિક ધોરણે કામકાજ: બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૨૮૪૪૦ પોઈન્ટના સ્તરે

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર ૩૧ ઓક્ટોબરથી ૬ નવેમ્બરના સપ્તાહ દરમિયાન વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૩૧૩૯૯૮૦.૫૬ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૫૩૦૫૨.૨૨ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૨૮૮૬૯૦૫.૧૫ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. ઈન્ડેક્સ વાયદાઓમાં રૂ.૮.૩૭ કરોડ અને ઈન્ડેક્સ ઓપ્શન્સમાં રૂ.૧૪.૮૩ કરોડનાં કામકાજ થયાં હતાં. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ નવેમ્બર વાયદો ૨૮૪૪૦ પોઈન્ટના સ્તરે બંધ થયો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ સાપ્તાહિક પ્રીમિયમ ટર્નઓવર રૂ.૨૭૩૯૬.૨૨ કરોડનું થયું હતું.

સમીક્ષા હેઠળના સપ્તાહ દરમિયાન કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૧૮૪૫૬૫.૪૯ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ડિસેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૧૧૪૮ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૧૨૨૩૨૫ અને નીચામાં રૂ.૧૧૯૧૫૦ના સ્તરને સ્પર્શી, રૂ.૧૨૧૫૦૮ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.૮૯૫ ઘટી રૂ.૧૨૦૬૧૩ના ભાવે બંધ થયો હતો. ગોલ્ડ-ગિની નવેમ્બર વાયદો સપ્તાહના અંતે ૮ ગ્રામદીઠ રૂ.૫૧૪ ઘટી રૂ.૯૭૫૯૩ થયો હતો. ગોલ્ડ-પેટલ નવેમ્બર વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૪૭ ઘટી સપ્તાહના અંતે રૂ.૧૨૨૧૧ થયો હતો. સોનું-મિની ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૮૭૦ ઘટી રૂ.૧૨૦૫૮૭ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ટેન નવેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૧૬૯૪ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૧૨૨૪૯૯ અને નીચામાં રૂ.૧૧૯૫૮૦ના સ્તરને સ્પર્શી, રૂ.૧૨૧૬૯૪ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.૮૩૬ ઘટી રૂ.૧૨૦૮૫૮ના ભાવે બંધ થયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે કિલોદીઠ રૂ.૧૪૮૧૪૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૧૫૦૦૦૦ અને નીચામાં રૂ.૧૪૪૦૦૦ના મથાળે અથડાઈ, રૂ.૧૪૮૮૪૦ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.૧૭૭૧ ઘટી રૂ.૧૪૭૦૬૯ના સ્તરે પહોંચ્યો હતો. સપ્તાહના અંતે કિલોદીઠ ચાંદી-મિની નવેમ્બર વાયદો રૂ.૨૬૨૧ ઘટી રૂ.૧૪૮૫૮૫ થયો હતો. ચાંદી-માઈક્રો નવેમ્બર વાયદો રૂ.૨૫૭૧ ઘટી રૂ.૧૪૮૬૦૯ના ભાવે સપ્તાહના અંતે બંધ થયો હતો. બિનલોહ ધાતુઓમાં રૂ.૧૩૦૦૯.૧૨ કરોડનાં કામકાજ થયાં હતાં. સપ્તાહના અંતે કિલોદીઠ તાંબું નવેમ્બર વાયદો રૂ.૧૧.૭ ઘટી રૂ.૧૦૦૦.૦૫ના સ્તરે પહોંચ્યો હતો. જસત નવેમ્બર વાયદો સપ્તાહના અંતે ૩૫ પૈસા વધી રૂ.૩૦૦.૬૫ના સ્તરે પહોંચ્યો હતો. એલ્યુમિનિયમ નવેમ્બર વાયદો રૂ.૧.૫ વધી રૂ.૨૭૧.૭૫ના ભાવે સપ્તાહના અંતે બોલાયો હતો. સીસું નવેમ્બર વાયદો સપ્તાહના અંતે ૫૦ પૈસા વધી રૂ.૧૮૩.૭ના સ્તરે પહોંચ્યો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ.૫૫૪૬૦.૭૦ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી નવેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે એમડબલ્યુએચદીઠ રૂ.૨૮૬૫ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૩૪૦૨ અને નીચામાં રૂ.૨૮૫૮ના મથાળે અથડાઈ, સપ્તાહના અંતે રૂ.૩૭૪ વધી રૂ.૩૨૩૯ના ભાવે બોલાયો હતો. ક્રૂડ તેલ નવેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે બેરલદીઠ રૂ.૫૩૫૬ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૫૪૭૦ અને નીચામાં રૂ.૫૨૩૩ના મથાળે અથડાઈ, રૂ.૫૩૯૧ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.૧૨૯ ઘટી રૂ.૫૨૬૨ થયો હતો. ક્રૂડ તેલ-મિની નવેમ્બર વાયદો સપ્તાહના અંતે રૂ.૧૨૪ ઘટી રૂ.૫૨૬૭ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ નવેમ્બર વાયદો એમએમબીટીયુદીઠ સપ્તાહના અંતે રૂ.૩૨.૩ વધી રૂ.૩૮૦.૯ના ભાવે બંધ થયો હતો. નેચરલ ગેસ-મિની નવેમ્બર વાયદો રૂ.૩૨.૨ વધી સપ્તાહના અંતે રૂ.૩૮૦.૭ થયો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ નવેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે કિલોદીઠ રૂ.૯૩૫ના ભાવે ખૂલી, સપ્તાહના અંતે રૂ.૨.૯ વધી રૂ.૯૩૧.૮ના સ્તરે પહોંચ્યો હતો. કોટન નવેમ્બર વાયદો સપ્તાહના અંતે ગાંસડીદીઠ રૂ.૫૩૦ વધી રૂ.૨૫૯૪૦ના ભાવે બંધ થયો હતો. એલચી નવેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૨૭૩૨ના ભાવે ખૂલી, સપ્તાહના અંતે રૂ.૬૫ ઘટી રૂ.૨૬૮૯ થયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સપ્તાહ દરમિયાન સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૧૨૦૨૦૫.૭૦ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ.૬૪૩૫૯.૭૯ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ.૯૧૮૨.૪૦ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ.૧૨૧૯.૯૩ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ.૧૮૪.૬૯ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ.૨૪૧૮.૭૫ કરોડનાં કામકાજ થયાં હતાં. ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ.૮૬.૮૫ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ.૭૬૧૦.૩૮ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ.૪૭૭૬૩.૪૭ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ.૧૧.૦૪ કરોડનાં કામ થયાં હતાં. કોટન-ખાંડીના વાયદામાં રૂ.૨.૦૭ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ.૩.૮૧ કરોડનાં કામ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ સપ્તાહના અંતે સોનાના વાયદાઓમાં ૧૩૪૮૯ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૩૯૮૨૭ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૧૦૦૬૮ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૧૫૭૧૯૮ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૧૪૪૩૪ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૧૯૬૫૧ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૨૩૬૬૪ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૫૦૯૪૭ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૬૮૧ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૨૫૭૦ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૧૮૨૯૮ લોટના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ નવેમ્બર વાયદો ૨૮૫૩૮ પોઈન્ટના સ્તરે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં ૨૮૭૪૭ પોઈન્ટના સ્તર અને નીચામાં ૨૭૯૦૦ પોઈન્ટના સ્તરને સ્પર્શી, સપ્તાહના અંતે ૯૮ પોઈન્ટ ઘટી ૨૮૪૪૦ પોઈન્ટના સ્તરે બંધ થયો હતો.

## વિયેતનામનો ૮૧ વર્ષીય નગોક છેલ્લા ૬૦ વર્ષોથી ઊંઘ્યો જ નથી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કોઈપણ સામાન્ય માનવી માટે ઊંઘ આહારવિહાર અને શ્વાસ લેવા જેટલી જ જરૂરી હોવાનું કહેવાયું છે. વૈજ્ઞાનિકોએ તે સાબિત કરવા માટે કેટલાય સંશોધનો પણ કર્યા છે.

ઊંઘી જવું તે માનવ જીવનનો અનિવાર્ય હિસ્સો માનવામાં આવે છે. પણ વિશ્વમાં એક એવી વ્યક્તિ પણ છે જે લગભગ ૬૦ વર્ષથી ઊંઘી નથી. આ વ્યક્તિનું નામ થાઈ નગોક છે.તે વિયેતનામનો છે. અહેવાલ મુજબ તે છેલ્લાં ૬૨ વર્ષથી ઊંઘ્યો નથી. ૮૧વર્ષના નગોકનો દાવો છે કે ૧૯૬૨માં આવેલા તાવના લીધે તે તાવ ઉતરી ગયા પછી તે એક પળ માટે સૂઈ શક્યા નથી. તેમનો ગાઢ ઊંઘ તો ઠીક પણ ઝોકું સુદ્ધા આવતું નથી. તેમની આ દુર્લભ બીમારીને જોઈને ડોક્ટર પણ હેરાન છે. તેના ગામના લોકો મજાકમાં ગામનો વગર પગારનો ચોકીદાર પણ કહે છે. તે સતત જાગતો હોવાના કારણે ત્યાં કોઈ ચોરી કરવા આવવાની હિંમત કરતું નથી.

નગોક ફક્ત ૬૦ વર્ષ કરતાં વધારે સમયથી જાગે છે એવું નથી તે ખેતીના કામમાં મદદ પણ કરી રહ્યા છે. કોઈએ તેમને ઊંઘતા જોયા જ નથી. અહેવાલ મજબ ૧૯૪૨માં વિયેતનામમાં ક્વાંગ નામના પ્રાંતના એક નાના ગામમાં જન્મેલા નગોકને વિયેતનામ યુદ્ધ દરમિયાન ૨૧ વર્ષની વયે ભારે તાવ આવ્યો અને તે માંદો પડયો. તેના પછી તેને તાવ તો ઉતરી ગયો, પરંતુ તેની ઊંઘ ક્યારેય પરત ન આવી. નગોકે જણાવ્યું હતું કે તેણે ઊંઘવા માટે કેટલાય પ્રયત્નો કર્યા, પરંતુ તે ઊંઘી ન શક્યા.

## સમાજમાં દાન ન આપનાર લોકોને સાંસદ ગેનીબેને લુખ્ખા ગણાવ્યા : એક રૂપીયો ન આપ્યો હોય તે હિસાબ માંગવા આવે છે : સાંસદ ગેનીબેન ઠાકોર

### મંત્રી સ્વરૂપજી ઠાકોરે આ અંગે કોઈ પ્રતિક્રિયા મીડીયાને ન આપતા કચવાટ




પ્રતિનિધિ,ગાંધીનગર

પાટણ જિલ્લાના સીંધવાઈ માતા મંદિર પરીસરમાં સમગ્ર જિલ્લાના ઠાકોર સમાજનુ સંમેલન યોજવામાં આવ્યુ હતું. જેમાં પાટણ ખાતે ઠાકોર સમાજના સંત સદારામ બાપાના નામે સદારામ સેવા સમિતિ ગુજરાત દ્વારા ઉત્તર ગુજરાતની ઠાકોર સમાજની દિકરીઓ માટે સદારામ કન્યા હોસ્ટેલનુ ખાતમુહુર્ત કરવામાં આવ્યુ હતું. આ સંમેલનમાં સામાજિક અગ્રણીઓ, ભાજપ, કોંગ્રેસ સહિતની રાજકીય પાર્ટીઓના નેતાઓ અને ઉદ્યોગપતિઓ સહિત મોટી સંખ્યામાં સમાજના લોકોએ હાજરી આપી હતી. જેમાં બનાસકાંઠા જિલ્લાના સાંસદ ગેનીબેન ઠાકોર પણ ઉપસ્થિત રહ્યા હતા. બનાસકાંઠાના જિલ્લાના સાંસદ ગેનીબેન ઠાકોરે સમાજના શિક્ષણ કામ તેમજ સામાજિક કામમાં કોઈપણ જાતની આર્થિક કે અન્ય પ્રકારની મદદ ન કરનારા લોકોને લુખ્ખાઓ કહ્યા હતા અને આવા લોકોને સામાજિક કાર્યામાં જેમ દાનવો હવનમાં હાડકા નાખતા હોય છે તેવુ કહીને સંબોધ્યા હતા. સાથે સાથે ઠાકોર સમાજમાં મંદિરમાં ધાર્મિક દાન આપતા લોકોને પણ સમાજની દિકરીઓના ભણતર માટે દાન આપીને પહેલા સરસ્વતીનુ મંદિર બનાવો અને ત્યારબાદ જે દેવી દેવતાઓને માનતા હોય તેમના મંદિરોનુ નિર્માણ કરે તેવી ટકોર પણ કરી હતી. મળતી માહિતી અનુસાર ગેનીબેને જાહેર મંચ પરથી કહ્યુ હતુ કે એક રૂપીયો ન આપ્યો હોય તે હિસાબ માંગવા પહેલા આવે છે, આવા લુખ્ખાઓને આમંત્રણ નહી આપો તો ખોટુ નહી લાગે, આ સાથે ઠાકોર સમાજના નામે ટીકીટ માંગનારાને પણ સાંસદ ગેનીબેને ટોણો માર્યો હતો અને કહ્યુ હતુ કે ૫ વરસ શું કર્યુ ? તે હિસાબ માંગવાનો સમય આવી ગયો છે. સમાજ માટે શું કર્યુ ? જવાબ માંગવાનો સમય આવી ગયો છે.

આ અંગે રાજય સરકારના રાજય કક્ષાના મંત્રી સ્વરૂપજી ઠાકોરનો ટેલીફોન ઉપર પ્રતિક્રિયા જાણવાનો પ્રયાસ કરતા મંત્રી સ્વરૂપજી ઠાકોરે મીડીયાને જવાબ આપ્યો ન હતો.

### પોલીસે તેના PA સહિત ૨ લોકોની કરી ધરપકડ

## ભાજપ ધારાસભ્ય હંસ રાજ ઉપર અપહરણ અને ધમકી આપવાનો આરોપ

(સંપૂર્ણ સમાચાર સેવા)શીમલા

ચંબા જિલ્લાના ચુરાહના ભાજપ ધારાસભ્ય હંસ રાજને લઈને એક ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે. પોલીસે એક મુસ્લિમ યુવતી સાથેના સંબંધને લઈને ધારાસભ્યના PA અને અન્ય એક વ્યક્તિ સામે કેસ દાખલ કર્યો છે. મહિલાના પિતાની ફરિયાદના આધારે આ કેસ દાખલ કરવામાં આવ્યો હતો. ચંબા ASP હિતેશ લખનપાલે આ બાબતની પુષ્ટિ પણ કરી દીધી છે. જણાવી દઈએ કે, એક મુસ્લિમ યુવતીના પિતાએ તાજેતરમાં ધારાસભ્ય હંસ રાજ પર અપહરણ અને ધમકી આપવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે મીડિયાને નિવેદન આપ્યું હતું અને પોલીસ ફરિયાદ પણ નોંધાવી હતી. આ મામલામાં નવો વળાંક આવ્યો છે, અને પોલીસે હવે ધારાસભ્યના PA, લેખરાજ અને મુનિયાન ખાન વિરુદ્ધ કેસ દાખલ કર્યો છે.

મુસ્લિમ છોકરીના પિતાએ બુધવારે આરોપ લગાવ્યો હતો કે, ગયા વર્ષે, જ્યારે તેમની પુત્રીએ ધારાસભ્ય વિરુદ્ધ કેસ દાખલ કર્યો હતો, ત્યારે તેણીને તીસા કોર્ટની બહારથી બળજબરીથી શિમલા લઈ જવામાં આવી હતી અને તેણીનું નિવેદન બદલવા માટે દબાણ કરવામાં આવ્યું હતું. આ ફરિયાદના આધારે, તીસા પોલીસ સ્ટેશનમાં બે વ્યક્તિઓ વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો છે. ASP હિતેશ લખનપાલે જણાવ્યું હતું કે, ફરિયાદ મળ્યા બાદ, તીસા પોલીસ સ્ટેશનમાં બે વ્યક્તિઓ વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો હતો. તેમણે ઉમેર્યું હતું કે, છોકરીના પિતા ચંબામાં તેમની સાથે મળ્યા હતા અને આરોપો લગાવ્યા હતા.

## સાહેબ ઘણી બધી દિકરીઓના નિહાકા આખી સરકારને લાગવાના : હવે જેની ઠુમ્મરે પોસ્ટ કરી




પ્રતિનિધિ,ગાંધીનગર

સમગ્ર ગુજરાતના રાજકારણનુ એપી સેન્ટર ગણાતા અમરેલી જિલ્લામાં પીઢ અને દિગ્ગજ નેતાઓ કોઈને કોઈ રીતે ચર્ચામાં રહેતા જોવા મળે છે. થોડા સમય અગાઉ અમરેલી તાલુકા પંચાયતના પ્રમુખ એવા કિશોર કાનાણીના લેટરપેડ પર વાયરલ થયેલા લખાણો પછી થયેલી પોલીસ કાર્યવાહીમાં એક નિર્દોષ દિકરીની ધરપકડ ધોળા દિવસે જાહેર રસ્તા પર વરઘોડો જેવી અનેક ઘટનાઓ બનતા વર્તમાન સત્તાધારી પક્ષના નેતાઓ ચર્ચામાં આવ્યા હતા. ત્યારે અમરેલી ભાજપના જુથવાદનુ રાજકારણ સમગ્ર ગુજરાતમાં ચર્ચાતુ જોવા મળી રહ્યુ છે.

આ બાબતે કોંગ્રેસ દ્વારા પણ આંદોલનાત્મક કાર્યક્રમ આપવામાં આવ્યો હતો. હાલ થોડા દિવસ અગાઉ સુરેન્દ્રનગરના સાયલા તાલુકાના સુદામડા ગામે આમ આદમી પાર્ટીની કિસાન મહાપંચાયત યોજાઈ હતી. દેશમાં લોકશાહી હોવાથી પોતાની પસંદગી મુજબની પાર્ટીની સભામાં લોકો જાય તે સ્વભાવિક હોવાથી લોકો પોતાની ઈચ્છા અનુસાર આ સભામાં સમગ્ર સૌરાષ્ટ્રમાંથી લોકો તેમાં મોટી સંખ્યામાં પહોચ્યા હતા. તેમાં અમરેલી તાલુકાના લોકો સાથે અમરેલી તાલુકા ભાજપ પ્રમુખ ચેતન ધાનાણીના ગામ લાલાવદર થી પણ ઘણા લોકો આ સભામાં ગયા હોવાથી તાલુકા ભાજપ પ્રમુખનુ મગજ છટકયુ હોવાથી તેને તેમાં ગયેલા લોકોને ફોન પર બેફામ અપશબ્દો આપતો અને જાતિનુ અપમાન થાય તેવા શબ્દો ઉચ્ચારતો ઓડીયો વાયરલ થયો હતો.

આ ઓડીયો વાયરલ થતા જ દલીત સમાજમાં રોષ ફાટી નિકળ્યો હતો અને અમરેલી તાલુકા ભાજપના પ્રમુખ વિરૂધ્ધ જાતિ અપમાનનો ગુન્હો નોંધવા કાર્યવાહી થતા તેને ભારતીય જનતા પાર્ટીના અમરેલી તાલુકાના પ્રમુખ પદ પરથી રાજીનામુ આપ્યુ હતું. આ રાજીનામા બાદ સોશીયલ મીડીયા પર ભાજપના દિગ્ગજ પીઢ નેતા એવા ઈફકોના ચેરમેન દિલીપ સંઘાણી દ્વારા દિકરીના નિહાપા લાગ્યા તેવી કટાક્ષવાળી પોસ્ટ મુકવામાં આવતા અમરેલીમાં ફરી રાજકીય માહોલ ગરમાયો હતો. આ પોસ્ટ બાદ કોંગ્રેસના મહિલા નેતા જેનીબેન ઠુમ્મર દ્વારા પણ સોશીયલ મીડીયામાં સાહેબ, ઘણી બધી દિકરીઓના નિહાકા આખી સરકારને લાગવાના, આવી પોસ્ટ મુકવામાં આવતા આ દિકરી કોણ તેવી ચર્ચા સમગ્ર ગુજરાતમાં જોવા મળી હતી. ત્યારે લોકમુખે ચર્ચાતી વિગતો મુજબ અમરેલીમાં ભુતકાળમાં જે લેટરકાંડ થયો હતો અને તેમાં જે નિર્દોષ કુંવારી દિકરીનો વરઘોડો કાઢવામાં આવ્યો હતો.

આ સમગ્ર કાંડનુ મુડ એ અમરેલી તાલુકામાં ભારતીય જનતા પાર્ટીના નેતાઓનો તાલુકા ભાજપ પ્રમુખનુ પદ મેળવવા માટેનો જુથવાદ હતો, એ જુથવાદની રેસમાં હાલના ફરાર આરોપી એવા તાલુકા ભાજપના પ્રમુખ ચેતન ધાનાણીને શીરે તાજ આપ્યો હતો અને રેસના બીજા નેતા દ્વારા લેટરકાંડ વાળી ઘટના સામે આવતા આખો ધારાસભ્ય, નાયબ મુખ્યદંડક અને હાલના મંત્રી સામે એક નવો મોરચો ઉભો થયો હતો અને એક દિકરીના નામ પર રાજનીતીએ રંગ પકડયો હતો. આ સમગ્ર ઘટનાના મુળમાં આ તાલુકા ભાજપ પ્રમુખનુ પદ જવાબદાર હતું. અમરેલી ભાજપના દિગ્ગજ નેતા દિલીપ સંઘાણીને એક ૩ શબ્દોની પોસ્ટ એ સમગ્ર જિલ્લાનુ રાજકીય વાતાવરણ ગરમાવી દીધુ છે અને ફરી અમરેલી ભાજપમાં નવા જુની ભાજપની જુથબંધી હોય તેવી ચર્ચાઓ જોવા મળી રહી છે. આ બાબતે હવે આગળજતા કંઈ નવા જુની થાય તો નવાઈ નહી.

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

## અલ્પેશ ઠાકોરે સ્નેહમિલન કાર્યક્રમમાં દારૂબંધી મુદ્દે આપ્યુ નિવેદન : જો કયાંય પણ દારૂના અડ્ડા ચાલતા હોય અથવા અસામાજિક તત્વો લોકોને હેરાન કરતા હોય તો મને કહેજો, હું જાતે ત્યાં આવીશ: હું પાછો નહી પડુ

પ્રતિનિધિ,ગાંધીનગર

અમદાવાદના ચાંદખેડા વિસ્તારમાં યોજાયેલા ભાજપના નુતનવર્ષ સ્નેહમિલન કાર્યક્રમ દરમિયાન ભાજપના ધારાસભ્ય અલ્પેશ ઠાકોરે દારૂબંધી મુદ્દે મોટુ નિવેદન આપ્યુ હતું. તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યુ હતુ કે જો કયાંય પણ દારૂના અડ્ડા ચાલતા હોય અથવા અસામાજિક તત્વો સામાન્ય લોકોને હેરાન કરતા હોય તો મને કહેજો, હું જાતે ત્યાં આવીશે અને હું પાછો નહી પડુ, હું જાતે આવીને કાર્યવાહી કરીશ,

ધારાસભ્ય અલ્પેશ ઠાકોરે વધુમાં ઉમેર્યુ કે જો અસામાજિક તત્વો હપ્તાખોરી કરતા હોય, રંજાડતા હોય અથવા સામાન્ય વ્યકિતને પરેશાન કરતા હોય, તો હું પાછો નહી પડુ, હું જાતે આવીને કાર્યવાહી કરીશ,તેમણે દારૂબંધીના અમલને વધુ કડક રીતે લાગુ કરવા માટે લોકોને સહકાર આપવા અપીલ કરી હતી. નિવેદન બન્યો ચર્ચાનો વિષય, ધારાસભ્યના આ નિવેદનથી સ્પષ્ટ થાય છે કે તેઓ દારૂબંધી કાયદાના અમલને ગંભીરતાથી લેવાની દિશામાં સક્રિય બનવા માંગે છે અને અસામાજિક પ્રવૃત્તિઓ સામે કડક વલણ અપનાવવાના મુડમાં છે.

આ નિવેદન બાદ સ્થાનિક સ્તરે દારૂબંધી અને કાયદો વ્યવસ્થાની સ્થિતિ અંગે ચર્ચાઓ પણ તેજ બનવા પામી હતી અને લોકોમાં ધારાસભ્યના આ વલણને લઈ સકારાત્મક પ્રતિસાદ જોવા મળી રહ્યો હતો. તો બીજી તરફ આ નિવેદનને રાજકીય ચર્ચાનો વિષય બનવા પામ્યો હતો.



નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ
એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA

કમોસમી વરસાદથી ખેતી પાકોને થયેલા વ્યાપક નુકસાનમાંથી ધરતીપુત્રોને પુનઃ બેઠા કરવા રાજ્ય સરકારની સંપૂર્ણ સંવેદના

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે અસરગ્રસ્ત ખેડૂતોની સહાયતા માટે અત્યાર સુધીનું સૌથી મોટું આશરે ૧૦ હજાર કરોડનું ઐતિહાસિક સહાય પેકેજ જાહેર કર્યુ

## પિયત અને બિનપિયત પાકો માટે એકસમાન ધોરણે સહાય આપવાનો મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલનો ઐતિહાસિક નિર્ણય

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે તાજેતરના કમોસમી વરસાદ અને વાતાવરણના બદલાવને કારણે સર્જાયેલ અસાધારણ સ્થિતિમાં ખેતી પાકોને થયેલા નુકસાનમાંથી ખેડૂતોને ઝડપભેર બેઠા કરવા માટે અત્યાર સુધીનું સૌથી મોટું આશરે ૧૦ હજાર કરોડ રૂપિયાનું ઐતિહાસિક સહાય પેકેજ જાહેર કર્યું છે.

રાજ્ય સરકારે ધરતીપુત્રો પર આવી પડતી કુદરતી આફતોની હરેક વિપદામાં તેમની પડખે સંપૂર્ણ સહાનુભૂતિ સાથે ઉભા રહીને ખેતી પાકોના નુકસાન સામે ઉદારતમ સહાય પેકેજ વખતો વખત આપેલા છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ખેડૂતોના હિતો માટે જે અનેકવિધ કલ્યાણકારી પગલાઓ લીધા છે તેને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ કિસાન હિતકારી અભિગમથી સતત આગળ ધપાવી રહ્યા છે.

આ વર્ષે તાજેતરમાં થયેલા કમોસમી વ્યાપક વરસાદથી ખેડૂતોના ઉભા પાકને કાપણી સમયે જ મહત્તમ આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ખેડૂતોને આ નુકસાનમાંથી બનતી ત્વરાએ બેઠા કરવાનો સંવેદનશીલ અભિગમ ઉદારતમ સહાયથી અપનાવ્યો છે.

રાજ્યમાં અત્યાર સુધી અપાયેલા રાહત સહાય પેકેજના ઈતિહાસમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે પિયત અને બિનપિયત પાકોને એકસમાન પાક નુકસાન વળતર આપવાનો મહત્વપૂર્ણ સંવેદનશીલ નિર્ણય કર્યો છે.

રાજ્યના ખેડૂતોને તાજેતરના કામોસમી વરસાદથી થયેલા પાક નુકસાન સામે આ નિર્ણયના અનુસંધાને ૨૨ હજાર રૂપિયા પ્રતિ હેક્ટર, હેક્ટર દીઠ બે હેક્ટરની મર્યાદામાં સહાય રાજ્ય સરકાર આપશે.

ખેતી પાકોને જે વ્યાપક નુકસાનનો માર સહન કરવાનો વારો આવ્યો છે તેમાંથી ખેડૂતોને ઝડપભેર ઉગારવા આ રાહત સહાય પેકેજ અંતર્ગત આશરે કુલ રૂ. ૧૦ હજાર કરોડની સહાય રકમ રાજ્ય સરકાર ચૂકવશે.

મુખ્યમંત્રીશ્રી આ કુદરતી આપદામાં સતત ખેડૂતોની ચિંતા કરીને તેમની પડખે ઊભા રહ્યા છે. એટલું જ નહિ, તેમણે કમોસમી વરસાદની તારાજીનો ભોગ બનેલા ૨૫૧ તાલુકાના ૧૬,૫૦૦થી વધુ ગામોના ખેડૂતોને થયેલા નુકસાનનો સર્વે ૩ દિવસમાં પૂર્ણ કરવા માટે ૫ હજારથી વધુ ટીમોને દિવસ રાત કાર્યરત કરવાના દિશાનિર્દેશો ઉચ્ચસ્તરીય બેઠકમાં આપેલા હતા.

આ દિશાનિર્દેશોને પગલે કૃષિ વિભાગ અને સંબંધિત વિભાગો તથા જિલ્લા વહીવટી તંત્રોએ સતત ખડેપગે ૨૪X૭ કામ કરીને પાક નુકસાનીનો સર્વે/પંચ રોજકામ હાથ ધર્યા હતા.

મુખ્યમંત્રીશ્રીએ રાજ્ય મંત્રીમંડળના મંત્રીશ્રીઓને વરસાદી અસરગ્રસ્ત વિસ્તારોની જાત માહિતી મેળવવા સંબંધિત જિલ્લાઓની મુલાકાત માટે પણ સૂચનાઓ આપી હતી. આ સૂચનાઓના પગલે નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી સુરત જિલ્લામાં, કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી ભાવનગરમાં, આદિજાતિ વિકાસ મંત્રી શ્રી નરેશભાઈ પટેલ તાપીમાં, વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા તથા સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજા જૂનાગઢ અને ગીર સોમનાથમાં તેમજ રાજ્યમંત્રી શ્રી કૌશિકભાઈ વેકરિયાએ અમરેલી જિલ્લાની પ્રત્યક્ષ મુલાકાત લીધી હતી અને સ્થળ પરના નુકસાન અહેવાલની વિગતો મુખ્યમંત્રીશ્રીને પૂરી પાડી હતી.

મુખ્યમંત્રીશ્રી પોતે પણ ગીર-સોમનાથ અને જુનાગઢ જિલ્લાના અસરગ્રસ્ત ગામોમાં પહોંચ્યા હતા અને ધરતીપુત્રોની વીતક પૂરી સંવેદનશીલતા સાથે સાંભળીને તેમને હૂંફ-સધિયારો આપ્યા હતા.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ સમગ્ર વિગતોની વિસ્તૃત સમીક્ષા અને ચર્ચા-વિચારણા રાજ્યના મંત્રીશ્રીઓ સવશ્રી જીતુભાઈ વાઘાણી, ઋષિકેશભાઈ પટેલ, કુંવરજીભાઈ બાવળીયા, અર્જુનભાઈ મોઢવાડિયા તથા રમણભાઈ સોલંકી સાથે બેઠક યોજીને કરી હતી. નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવી અને નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈ વિડીયો કોન્ફરન્સથી આ બેઠકમાં જોડાયા હતા.

મુખ્યમંત્રીશ્રીની અધ્યક્ષતામાં મળેલી આ બેઠકમાં રાજ્ય સરકારે વ્યાપક નુકસાનનો ભોગ બનેલા ધરતીપુત્રોની વ્હારે આવીને રાજ્યના ઈતિહાસમાં અત્યાર સુધીનું સૌથી મોટું આશરે ૧૦ હજાર કરોડનું માતબર સહાય પેકેજ આપવાનો આ નિર્ણય કર્યો છે. આ ઉચ્ચસ્તરીય બેઠકમાં મુખ્ય સચિવશ્રી એમ. કે. દાસ, કૃષિ વિભાગના અધિક મુખ્ય સચિવ ડૉ. અંજુ શર્મા, નાણાં વિભાગના અગ્ર સચિવ શ્રી ટી. નટરાજન, મુખ્યમંત્રીશ્રીના અધિક અગ્ર સચિવ શ્રીમતિ અવંતિકા સિંઘ, નાણા સચિવ શ્રીમતી આરતી કંવર, મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી ડૉ. વિક્રાંત પાંડે ઉપસ્થિત રહ્યા હતા. મહેસૂલ અધિક મુખ્ય સચિવ ડૉ. જયંતિ રવિ વિડિયો કોન્ફરન્સથી સહભાગી થયા હતા.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં રાજ્ય સરકારે જાહેર કરેલું આ ઉદારતમ સહાય પેકેજ અસરગ્રસ્ત ખેડૂતોને આર્થિક નુકસાનમાંથી ઝડપભેર બેઠા થઈને પૂર્વવત થવામાં મદદરૂપ નીવડશે.

# અમદાવાદ મંડળ પર રાષ્ટ્રગીત "વંદે માતરમ"ના ૧૫૦ વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે સ્મરણ ઉત્સવ કાર્યક્રમનું આયોજન



માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીએ આજે ૦૭.૧૧.૨૦૨૫ના રોજ નવી દિલ્હીમાં રાષ્ટ્રગીત ''વંદે માતરમ''ના ૧૫૦ વર્ષ પૂર્ણ થવાના ઉપક્રમે વર્ષભર ચાલનારા સ્મરણ સમારોહનો શુભારંભ કર્યો હતો. દેશભરમાં ઉજવાતા ''રાષ્ટ્રવ્યાપી ઉત્સવ''ના ભાગરૂપે પશ્ચિમ રેલ્વેના અમદાવાદ મંડળમાં પણ આ ઐતિહાસિક પ્રસંગ પૂરા શ્રદ્ધા, ઉત્સાહ અને દેશભક્તિની ભાવનાથી ઉજવાયો હતો.

માનનીય પ્રધાનમંત્રીએ આ પ્રસંગે ૧૫૦ વર્ષ નું પ્રતીક,સ્મારક સિક્કો અને ટપાલ ટિકિટ પણ પ્રકાશિત કર્યા હતા. આ કાર્યક્રમ ૭ નવેમ્બર ૨૦૨૫ થી ૭ નવેમ્બર ૨૦૨૬ સુધી ચાર તબક્કામાં ચાલનારા રાષ્ટ્રવ્યાપી સ્મરણોત્સવના ઔપચારિક પ્રારંભનું પ્રતિક છે. જે આ અમર રચના, જેણે ભારતના સ્વતંત્રતા આંદોલનને પ્રેરણા આપી હતી અને આજે પણ રાષ્ટ્રીય ગૌરવ તથા એકતાની ભાવનાને મજબૂત બનાવે છે. આ ઉત્સવ દરમિયાન ''વંદે માતરમ''ના પૂર્ણ સંસ્કરણનું સામૂહિક ગાન દેશભરના જાહેર સ્થળોએ આયોજિત કરવામાં આવ્યું, જેમાં સમાજના તમામ વર્ગોના નાગરિકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. વર્ષ ૨૦૨૫ ''વંદે માતરમ''ના ૧૫૦ વર્ષ પૂર્ણ થવાનું પ્રતિક વર્ષ છે. આપણા રાષ્ટ્રગીત ''વંદે માતરમ્''ની રચના બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયેએ ૭ નવેમ્બર ૧૮૭૫ના શુભ અક્ષય નવમીના દિવસે કરી હતી. ''વંદે માતરમ્'' પ્રથમ વખત તેમના ઉપન્યાસ આનંદમઠના સ્વરૂપમાં સાહિત્યિક સામયિક બંગદર્શનમાં પ્રકાશિત થયું હતું .

અમદાવાદ મંડળમાં આ સ્મરણોત્સવ સમારોહનું મુખ્ય આયોજન મંડળ રેલ પ્રબંધક કાર્યાલય, અમદાવાદ ખાતે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મંડળ રેલ પ્રબંધકસહિત તમામ વરિષ્ઠ અધિકારીઓ અને કર્મચારીઓ ઉત્સાહપૂર્વક હાજર રહ્યા હતા. સમારંભમાં ઉપસ્થિત સૌએ એક સ્વરમાં ''વંદે માતરમ''નું સામૂહિક ગાન કર્યું, જેના કારણે આખું પરિસર દેશભક્તિ, એકતા અને ગૌરવની ભાવનાથી ગુંજી ઉઠ્યું. નવી દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ડોર સ્ટેડિયમમાં આયોજિત ઉદ્ઘાટન સમારોહનું લાઈવ ટેલિકાસ્ટ પણ જોવામાં આવ્યું. "વંદે માતરમ માત્ર એક ગીત નથી, પરંતુ ભારતના આત્મા અને તેના સ્વતંત્રતા સંગ્રામ પાછળની પ્રેરણાનું પ્રતીક છે. આ ગીત આપણા રાષ્ટ્રની એકતા, સમર્પણ અને માતૃભૂમિ પ્રત્યેના પ્રેમની ભાવનાને સશક્ત બનાવે છે." અમદાવાદ મંડળના વિવિધ સ્ટેશનો, ઓફિસો, ડેપો, વર્કશોપ, રેલ્વે હોસ્પિટલ, ટ્રેનિંગ સેન્ટર અને સાબરમતી ડીઝલ શેડ પર "વંદે માતરમ" ના સમૂહ ગાયનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. બધા સ્થળો દેશભક્તિ અને ભારતીય સાંસ્કૃતિક ગૌરવની ભાવનાથી ભરેલા હતા. આ ઉપરાંત, મંડળના મુખ્ય રેલ્વે સ્ટેશનો પર "વંદે માતરમ" સંબંધિત ખાસ ઓડિયો સંદેશ, જાહેરાતો અને એલ ઈ ડી ડિસ્પ્લે દ્વારા મુસાફરોને રાષ્ટ્રગીતના ઈતિહાસ અને મહત્વ અંગેની માહિતી પૂરી પાડવામાં આવી રહી છે. આ જનજાગૃતિ પહેલ આગામી વર્ષ સુધી ચાલુ રહેશે.

# મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અંબાજીમાં પધારવાના હોઈ પોલીસ દ્વારા ધારાસભ્ય કાંતી ખરાડી, અંબાજી આપ પાર્ટી પ્રમુખને નજરકેદ કરાયા

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

અંબાજી ખાતે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ આજે શુક્રવારે પધારવાના હોઈ જેને લઈ કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના નેતાઓને નજરકેદ કરવામાં આવ્યા હતા. અંબાજી ખાતે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ બિરસામુંડા ભગવાનની જન્મજયંતિ નિમિત્તે ગૌરવ યાત્રાને પ્રસ્થાન કરાવવા માટે આવ્યા હતા ત્યારે તે અગાઉ પોલીસ દ્વારા કોંગ્રેસના ધારાસભ્ય કાંતી ખરાડી તેમજ અંબાજી શહેર કોંગ્રેસ પ્રમુખ, અંબાજી આમ આદમી પાર્ટીના પ્રમુખ તેમજ દાંતા માં એનએસયુઆઈ પ્રમુખ તથા હડાદમાં કોંગ્રેસના આગેવાનોને પોલીસે અગાઉથી જ નજરકેદ કરી દીધા હતા. અંબાજીમાં વિકાસના કાર્યો અંતર્ગત શકિત કોરીડોર બનાવવા માટે રસ્તામાં આવતા અંબાજીના અમુક વિસ્તારોમાં ૧૦૦ થી વધુ ઘરો દબાણમાં તુટવાના હોય આ આગેવાનો આ અંગેની રજુઆત કરવા માટે મુખ્યમંત્રીને રજુઆત કરવા જવાના હતા. પરંતુ આ બધા આગેવાનોને પોલીસ દ્વારા પોલીસ સ્ટેશનમાં અને તેમના ઘરે અગાઉથી જ નજરકેદ કરી દેવામાં આવ્યા હતા. આ અંગે કોંગ્રેસ આગેવાન ડામરાજી રાજગોરે તીખી પ્રતિક્રિયા આપતા જણાવ્યુ હતુ કે મુખ્યમંત્રી આદિવાસી ના ભગવાનના કાર્યક્રમમાં આવી રહ્યા છે. ત્યારે એક માત્ર આદિવાસી નેતા કાંતીભાઈ ખરાડીને પણ કાર્યક્રમમાં જવા દેવામાં આવી રહ્યા નથી.

આ ભાજપની તાનાશાહી છે અને પ્રજા કે જેને સરકારને ચુંટયા છે તે પ્રજાને જ મુખ્યમંત્રીને રજુઆત કરવા માટે મળવા દેવામાં આવતા નથી, આ કેવી લોકશાહી છે, આ બાબતની અસર આવતા આગામી ચુંટણીઓમાં સ્પષ્ટ દેખાશે તેવુ તેમણે જણાવ્યુ હતું.




# મહિલાના બેગમાંથી રૂપિયા ૧૦ લાખનાં સોનાનાં ઘરેણાંની ચોરી

(સંપૂર્ણ સમાચાર સેવા)ઊંઝા

ઊંઝા સ્થિત કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમીયા માતાજી મંદિરે દેવ દિવાળીના દિવસે સાંજના સમયે દર્શન કરવા આવેલા દર્શનાર્થીના બેગમાં રહેલા સ્ટીલના ડબ્બામાં મૂકેલા સોનાના દાગીના કિં.રૂ. ૧૦ લાખની કોઈ અજાણ્યો ચોર ભીડનો લાભ લઈ ચોરી કરી લઈ જતાં ઊંઝા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે.ઊંઝા શહેરમાં પાટણ રોડ પર આવેલી નોબેલ હાઈટ્સમાં મીનાબેન દીપકકુમાર પટેલ રહે છે. જેઓના કુટુંબમાં લગ્નપ્રસંગ હોઈ તેમના પતિ સાથે એકિટવા પર તેની સાસુના ઘરેણાં જે ઊંઝા માર્કેટયાર્ડના બેન્કના લોકરમાં પડેલા હતા તે લેવા માટે આવ્યા હતા. જે બેન્કમાંથી લઈ સ્ટીલના ડબ્બામાં મૂકી બેગ લઈ ઉમિયા માતાજી દર્શન કરવા આવ્યા હતા. જ્યાં લાઈન લાંબી હોવાથી દર્શન કરવા લાઈનમાં ઊભા હતા. તે સમયે ફોન આવતાં મોબાઈલ કાઢી વાત કરી રહ્યા હતા. આદરમિયાન ઉતાવળમાં બેગની ચેઈન બંધ કરવાનું ભૂલી ગયા હતા. જેનો લાભ લઈ અજાણ્યો ચોર સ્ટીલના ડબ્બામાં મૂકેલા સોનાના દાગીના લઈ ફરાર થઇ ગયો હતો. તપાસ કરતાં દાગીના મળી ના આવતાં ઊંઝા પોલીસ સ્ટેશનમાં સોનાના દાગીના કિં.રૂ. ૧૦ લાખ ચોરીની ફરિયાદ નોંધાવતાં પોલીસે તપાસ હાથ ધરી છે.



# ખેડૂત સુધી પહોંચ વધારવાના હેતુથી બેંક ઓફ બરોડાએ "બરોડા ખેડૂત પખવાડિયા"ના ૮મા સંસ્કરણ અંતર્ગત ખેડૂત મેળાનું આયોજન કર્યું

ભારતની અગ્રણી સરકારી ક્ષેત્રની બેંકોમાંની એક — બેંક ઓફ બરોડાએ "આત્મનિર્ભરતાની તરફ" થીમ હેઠળ તેની મુખ્ય ખેડૂત સંવાદ પહેલ — "બરોડા ખેડૂત પખવાડિયા"ના ૮મા સંસ્કરણનો પ્રારંભ કર્યો છે.

૩ થી ૧૫ નવેમ્બર ૨૦૨૫ સુધી ચાલનારા આ વાર્ષિક અભિયાન દ્વારા, જાગૃતિ, સમાવીશ અને નવીનતા દ્વારા ભારતના કૃષિ અને ગ્રામ્ય સમુદાયોને સશક્ત બનાવવાની તથા તેમને આત્મનિર્ભરતા તરફ દોરી જવાની બેંકની પ્રતિબદ્ધતા પ્રતિબિંબિત થાય છે.

બેંક ઓફ બરોડા દેશભરના ખેડૂતો અને કૃષિ ઉદ્યોગકારો સાથે સંપર્ક સ્થાપિત કરવા માટે, કૃષિ ક્ષેત્રને લાભ થાય તેવા વિવિધ કૃષિ કેન્દ્રિત ઉત્પાદનો અને ગ્રાહક કેન્દ્રિત સેવાઓ અંગે જાગૃતિ લાવવા માટે મેદાન સ્તરે પ્રવૃત્તિઓનું આયોજન કરી રહી છે.



આ અંતર્ગત પાલનપુર શહેરના નગરપાલિકા ટાઉનહોલમાં ૦૭/૧૧/૨૦૨૫ના રોજ બેંક ઓફ બરોડા પાલનપુર પ્રદેશ કચેરી દ્વારા ભવ્ય મેગા ખેડૂત મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં બનાસકાંઠા, સાબરકાંઠા અને મહેસાણા જિલ્લાના ૬૦૦થી વધુ ખેડૂતો જોડાયા હતા.

કાર્યક્રમના ઉદઘાટન પ્રસંગે બેંક ઓફ બરોડાના શ્રી સુશાંત કુમાર મોહંતી, મુખ્ય મહાપ્રબંધક, વડા – ખજાના અને વૈશ્વિક બજાર વિભાગે જણાવ્યું: "બરોડા ખેડૂત પખવાડિયા એ અમારી એવી મુખ્ય પહેલ છે જે ભારતના કૃષિ ક્ષેત્ર અને ગ્રામ્ય અર્થતંત્રના વિકાસ પ્રત્યેની અમારી ઊંડી પ્રતિબદ્ધતા દર્શાવે છે. આ વર્ષની થીમ 'આત્મનિર્ભરતાની તરફ' દ્વારા અમે ખેડૂતોને સરળતાથી ઋણ અને વિવિધ બેંકિંગ સેવાઓ પૂરી પાડીને તેમને આત્મનિર્ભર બનાવવા માટેની અમારી દ્રષ્ટિ રજૂ કરીએ છીએ. બેંક ઓફ બરોડા સતત જાગૃતિ, નવીનતા અને ગ્રાહક કેન્દ્રિત ઉકેલો દ્વારા ગ્રામ્ય નાણાકીય સમાવેશને મજબૂત બનાવવા અને ખેડૂતોને સશક્ત બનાવવા માટે પ્રયાસરત રહી છે."

આ મેળામાં બેંક ઓફ બરોડાના અમદાવાદ ઝોનના વ્યાવસાયિક વિકાસના ઉપ મહાપ્રબંધક શ્રી વિપિનકુમાર ગર્ગ પણ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે જણાવ્યું: "પખવાડિયા દરમિયાન, બેંક દ્વારા ખેડૂત બેઠકો, ચોપાલો, ખેડૂત મેળાઓ અને આરોગ્ય શિબિરો જેવા અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ સમયગાળા દરમિયાન બેંકની કૃષિ કેન્દ્રિત યોજનાઓ અંગે જાગૃતિ લાવવા માટે વિશિષ્ટ બ્રાન્ડિંગ સાથેનો જાગૃતિ રથ – "બરોડા ખેડૂત રથ" વિવિધ વિસ્તારોની મુલાકાત લઈ રહ્યો છે.

ઉપરાંત, બરોડા ખેડૂત પખવાડિયા દરમિયાન ભારત સરકારની 'આત્મનિર્ભર ભારત' જેવી પહેલ અંતર્ગત વિવિધ ઋણ યોજનાઓ અને સામાજિક સુરક્ષા યોજનાઓનો પણ પ્રચાર કરવામાં આવી રહ્યો છે, જે કૃષિ અને ગ્રામ્ય વિકાસ સંબંધિત રાષ્ટ્રીય પ્રાથમિકતાઓને આગળ વધારવામાં બેંક ઓફ બરોડાની ભૂમિકા રેખાંકિત કરે છે."

આ મેળામાં પ્રગતિશીલ ખેડૂતો, કૃષિ ઉદ્યોગકારો અને વફાદાર ગ્રાહકોને કૃષિ ઈકોસિસ્ટમમાં તેમના યોગદાન બદલ સન્માનિત કરવામાં આવ્યા હતા. બેંકની વિવિધ ઋણ યોજનાઓ અંતર્ગત ૯૪૦ ખેડૂતોને રૂ. ૧૦૦ કરોડથી વધુની મંજૂરી પત્રો આપવામાં આવ્યા હતા.

મેળાના મુખ્ય આકર્ષણોમાં કૃષિ નિષ્ણાતોના વ્યાખ્યાન, નવીન ટેકનોલોજી પર વર્કશોપ્સ અને સફળ ખેડૂતોની પ્રેરણાદાયક વાર્તાઓનો સમાવેશ હતો.

# સિવાના નિવાસી દેવિકા જૈનને કર્ણાવતી યુનિવર્સિટી, અમદાવાદમાં ગોલ્ડ મેડલ મળ્યો





અમદાવાદઃ (મુકેશ આર. ચોપડા) કર્ણાવતી યુનિવર્સિટી, અમદાવાદ ખાતે યોજાયેલા વાર્ષિક દીક્ષાંત સમારંભમાં, સિવાના ના શ્રી મહેન્દ્રજી બાગરેચાની પુત્રી યોગિતા (દેવિકા) જૈનને બી.એસસી. (કમ્પ્યુટર સાયન્સ - આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને મશીન લર્નિંગમાં વિશેષતા) માં પ્રથમ સ્થાન મેળવવા બદલ યુનિવર્સિટી ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવ્યો.

મુકેશ આર. ચોપડાએ એક અખબારી યાદીમાં જણાવ્યું હતું કે દેવિકા જૈને તેમના સમર્પણ, સખત મહેનત અને આત્મવિશ્વાસ દ્વારા આ નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે.

તેમની સફળતાએ માત્ર તેમના પરિવાર માટે જ નહીં પરંતુ સમગ્ર સિવાના નગર માટે ગૌરવની વાત કરી છે.આ પ્રસંગે, દેવિકાએ કહ્યું, "જેઓ દ્રઢ રહે છે અને ક્યારેય હાર માનતા નથી તેઓ જ સફળતા મેળવે છે."

શિક્ષકો, પરિવારના સભ્યો અને સિવાના રહેવાસીઓએ દેવિકાની સિદ્ધિ પર ગર્વ વ્યક્ત કર્યો અને ઉજ્જવળ ભવિષ્ય માટે હાર્દિક શુભેચ્છાઓ પાઠવી.

આ સફળતા બાગરેચા પરિવાર માટે ગર્વની ક્ષણ છે અને વિસ્તારની અન્ય મહિલા વિદ્યાર્થીઓ માટે પ્રેરણાનું એક શક્તિશાળી ઉદાહરણ છે.

ઉલ્લેખનીય છે કે બાગરેચા પરિવાર હમેશા સામાજિક અને ધાર્મિક પ્રવૃત્તિઓમાં અગ્રેસર રહ્યો છે. તમારા કાકા અને બે ભાઈઓએ જૈન સાધુઓના જીવનને અપનાવ્યું છે. તમારા કાકા, પ્રખર ઉપદેશક આચાર્ય શ્રી વિમલસાગર સુરીશ્વરજી મહારાજ સાહેબ, જૈન ધર્મને એક ક્રાંતિકારી સંત તરીકે ગૌરવાન્વિત કરી રહ્યા છે. તમારા પિતા, મહેન્દ્ર બાગરેચા, સામાજિક અને રાજકીય ક્ષેત્રે સેવા આપે છે. તમારી માતા સિવાના ગ્રામ પંચાયતના ભૂતપૂર્વ સરપંચ તરીકે સેવા આપી હતી.

# સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર શહેર કોંગ્રેસ દ્વારા નગરપાલિકામાં રોડ રસ્તા ને લઈ હલ્લાબોલ કાર્યક્રમ યોજાયો

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

સાબરકાંઠા જિલ્લાના મુખ્યમથક હિંમતનગર શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા શહેરમાં ઉભરાતી ગટરોનુ પાણી, રોડ રસ્તાઓ પરના ખાડાઓ વરસાદી પાણીના નિકાલની અયોગ્ય વ્યવસ્થા અને બંધ પડેલી સ્ટ્રીટ લાઈટો ને લગતી લાંબા સમયથી પીડા દાયક સમસ્યાઓ અંગે આજે નગરપાલિકા ખાતે હલ્લાબોલ કાર્યક્રમ સાથે રજુઆત કરવામાં આવી હતી.

હિંમતનગર શહેર કોંગ્રેસ સમિતિના પ્રતિનિધિ મંડળ દ્વારા નગરપાલિકા પ્રમુખ, ચીફ ઓફીસર ને રૂબરૂ મળવા જતા હાજર ન હોવાથી પ્રતિનિધિ મંડળે રોષ પ્રગટ કરી પ્રમુખ, ચીફ ઓફીસરની ચેમ્બર આગળ રામધુન બોલાવી ભગવાન પ્રમુખ અને ચીફ ઓફીસરને સદબુધ્ધી આપે તેવી રીતે હલ્લાબોલ અને ભારે સુત્રોચ્ચાર સાથે કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. પાલિકા પ્રમુખના ચેમ્બરના દરવાજા ની બહાર આવેદનપત્ર ચોંટાડી રજુઆત કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં જિલ્લા કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખ અશોક પટેલ , શહેર કોંગ્રેસ પ્રમુખ મનોજ બારોટ , સંગઠન મહામંત્રી પ્રિયવદન પટેલ, વિપક્ષ નેતા ઈમરાન બાદશાહ, પૂર્વ કોર્પોરેટર જયોતિબેન, કમળાબેન, કાંતીભાઈ ગામેતી, ઈશાક શેખ, સહિત મોટી સંખ્યામાં કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.



# હવે રાજય સરકારના કર્મચારીઓ અને પેન્શનરો સરળ પ્રક્રિયા થી મેળવી શકશે જી-કાર્ડ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત સરકારે રાજયના અધિકારીઓ, કર્મચારીઓ અને પેન્શનરોને આરોગ્ય સુરક્ષા પુરી પાડવા માટે એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. ૨૮ મે ૨૦૨૫ ના ઠરાવ અનુસાર રાજય સરકારના કર્મચારીઓ અને પેન્શનરો હવે પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (પીએમજેએવાય) હેઠળ જી કાર્ડનો લાભ મેળવી શકશે.

આ કાર્ડ મેળવવાની પ્રક્રિયાને વધુ સુગમ બનાવવામાં આવી છે. જી કાર્ડ મેળવવા માટે નોંધણી કરવા માટેની સરળ પધ્ધતિ અપનાવવામાં આવી છે. જેમાં (૧) લાભાર્થીઓની સુવિધાને ધ્યાનમાં રાખીને, રાજય સરકારના અધિકારીઓ, કર્મચારીઓ અને પેન્શનરો હવે જી કાર્ડ માટેની નોંધણી પ્રક્રિયા પોતાની જાતે જ ઓનલાઈન પુર્ણ કરી શકશે (૨) આ માટે લાભાર્થીએ https://beneficiary.nha.gov.in/ પોર્ટલની મુલાકાત લેવાની રહેશે અને બેનીફીશીયર સીલકટ કરીને નોંધણી કરવાની રહેશે (૩) આ નવી પ્રક્રિયાના અમલથી જી કાર્ડ નોંધણી અને ડાઉન લોડ કરવા માટે કોઈપણ નોંધણી સેન્ટર પર જવાની જરૂરીયાત રહેશે નહી (૪) નોંધણીની પ્રક્રિયામાં સરળતા લાવવા માટે લાભાર્થી આધાર-લીંકડ મોબાઈલ ઓટીપી દ્વારા જી કાર્ડ ની નોંધણી અને ત્યારબાદ વેરીફીકેશન પ્રક્રિયા પુર્ણ કરી શકશે (૫) આ પક્રિયા સફળતાપૂર્વક પુર્ણ થયેથી લાભાર્થી તુરંત પોતાનુ જી કાર્ડ ડાઉનલોડ કરી શકશે

આ પગલુ ટેકનોલોજી ના ઉપયોગ દ્વારા સરકારી યોજનાઓના લાભ ને છેવાડાના માનવી સુધી ઝડપથી પહોંચાડવાના રાજય સરકારના ઉદેશને દર્શાવે છે. આ ઉપરાંત લાભ મેળવતા આશ્રિત કુટુંબીજનોની પાત્રતા નકકી કરવા માટે પ્રમાણપત્ર આપવાનુ રહેશે. ગુજરાત રાજય સેવા (તબીબી સારવાર) નિયમો ૨૦૧૫ ના નિયમ (૨૨) મુજબ કુટુંબ એટલે સરકારી કર્મચારી / પેન્શનર સાથે રહેતા અને તેના પર સંપુર્ણ આશ્રિત પતિ કે પત્ની, ઔરસ અને સાવકા પુત્રો તથા પુત્રીઓ, માતા પિતા અને અપરીણત ભાઈઓ અને બહેનો (વય મર્યાદા ૨૫ વરસ) સંપુર્ણ આશ્રિત ગણવા માટે વ્યકિતની માસિક આવક મર્યાદા રૂપીયા ૫ હજાર થી વધવી ન જોઈએ. **ALL INDIA.SERVICES(AIS)** ના અધિકારીઓના કિસ્સામાં તેઓને લાગુ પડતા **ALL INDIA.SERVICES(AIS) (medical. attendance )** રૂલ્સ ૧૯૫૪ મુજબની વ્યાખ્યા ધ્યાનમાં લેવાશે. તમામ પાત્ર અધિકારીઓ, કર્મચારીઓ અને પેન્શનરોને આ નવી અને સરળ પ્રક્રિયાનો લાભ લેવા તેમજ નિર્ધારીત નિયમો મુજબના આશ્રિત કુટુંબીજનોના જી કાર્ડની નોંધણી તાત્કાલીક પુર્ણ કરવા વિનંતી કરી છે.

# રશિયાના ઉફામાં બશ્કીર સ્ટેટ મેડીકલ યુનિર્વસિટીમાં અભ્યાસ કરતો ભારતીય વિદ્યાર્થી ૧૯ દિવસથી ગુમઃ અજીત ચૌધરીનુ મોતઃ ડેમમાંથી મૃતદેહ મળ્યો

પ્રતિનિધિ,ગાંધીનગર

રશિયામાં ગુમ થયેલા ભારતીય વિદ્યાર્થી અજીતસિંહ ચૌધરીનુ રશિયામાં મૃત્યુ થયુ છે. અજીતસિંહ ૧૯ દિવસ પહેલા ગુમ થયો હતો, વિદેશ મંત્રાલયે અજીતસિંહના મૃતદેહને ભારત લાવવાના પ્રયાસો તેજ કર્યા છે. અજીત ૨૦૨૩ થી રશિયાના ઉફામાં બશ્કીર સ્ટેટ મેડીકલ યુનિર્વસિટીમાં એમબીબીએસનો અભ્યાસ કરી રહ્યો હતો. અજીત ચૌધરી રાજસ્થાનના અલવરનો રહેવાસી હતો અને ૧૯ ઓકટોબર ના રોજ સવારે ૧૧ વાગ્યાની આસપાસ દુધ ખરીદવા માટે હોસ્ટેલમાંથી નિકળ્યો હતો.



રશિયામાં ભારતીય દુતાવાસે પરીવારને જાણ કરી હતી કે ગુમ થયેલા વિદ્યાર્થી અજીત ચૌધરીનો મૃતદેહ એક ડેમમાંથી મળી આવ્યો છે. અજીત સાથે અભ્યાસ કરતા અન્ય વિદ્યાર્થીઓ દ્વારા મૃતદેહની ઓળખ કરવામાં આવી હતી. રશિયન સરકાર સાથે ચર્ચા અને પોસ્ટમોર્ટમ તપાસ બાદ મૃતદેહને ભારત પરત લાવવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. મૃતદેહને ભારત પરત લાવવામાં ૩ થી ૪ દિવસનો સમય લાગી શકે છે.

અલવર સરસ ડેરીના પ્રમુખ નિતીન સાંગવાને જણાવ્યુ હતુ કે અજીત ચૌધરીનો મૃતદેહ સફેદ નદીને અડીને આવેલા ડેમમાંથી મળી આવ્યો હતો.

ચૌધરીના કપડા, મોબાઈલ ફોન અને ચપ્પલ ૧૯ દિવસ પહેલા નદી કિનારેથી મળી આવ્યા હતા. અજીત મેડીકલના ત્રીજા વર્ષમાં હતો . પરીવાર તેમના પુત્રને ડોકટર બનતો જોવા માંગતા હતા. અજીતના પરીવાર પાસે કુલ ૨૦ વિઘા જમીન હતી જેમાંથી તેમણે અજીતને અભ્યાસ માટે રશિયા મોકલવા માટે ૩ વિઘા જમીન વેચી દીધી હતી.

અજીતના મૃત્યુના સમાચાર થી કફનવાડા ગામમાં શોકનુ વાતાવરણ છવાઈ ગયુ છે. ગામ લોકો અને સંબંધીઓ પરીવારને સાંત્વના આપી રહ્યા છે. અજીતે છેલ્લે ૧૯ ઓકટોબરના રોજ મોબાઈલ ફોન દ્વારા તેના પરીવાર સાથે વાત કરી હતી, જયાં તેણે આવતા મહિને ભારત પાછા ફરવાની વાત કરી હતી અને બધાને દિવાળીની શુભકામનાઓ પાઠવી હતી. અજીતના પિતાએ અગાઉ કંઈક અનિચ્છિનિય બનવાની આશંકા વ્યકત કરી હતી.

# અમદાવાદના સરખેજમાં યુવતિના સ્કુટર પર પેટ્રોલ છાંટી સળગાવવાનો પ્રયાસ : જાનથી મારી નાખવાની ધમકી

પ્રતિનિધિ,ગાંધીનગર

અમદાવાદના સરખેજ વિસ્તારમાં એક ભયાનક ઘટના બનવા પામી છે. ધોળકા થી પોતાની ભાણીના લગ્નની તૈયારીઓ માટે માતાના ઘરે આવેલી એક ૩૪ વર્ષીય યુવતિને બે અજાણ્યા શખ્સોએ નિશાન બનાવી હતી. આ શખ્સોએ યુવતિના ઘર બહાર પાર્ક કરેલ બર્ગમેન સ્કુટર પર પેટ્રોલ છાંટીને આગ લગાડવાનો પ્રયાસ કર્યો હતો.



પોલીસ ફરીયાદ મુજબ પીડીત યુવતિ ૬ નવેમ્બરની રાત્રે આશરે ૧૦:૩૦ કલાકે તેમની બહેનપણી સાથે મકરબા વિસ્તારમાંથી દાવત આપીને પરત ફરી રહી હતી, હુસેની બેકરી પાસે પહોચતાજ બુલેટ જેવી મોટર સાયકલ પર સવાર બે અજાણ્યા શખ્સોએ તેમનો પીછો કરવાનુ શરૂ કર્યુ હતું અને સરખેજ સ્થિત તેમના માતા ના ઘર સુધી સતત પાછળ પીછો કર્યો હતો.

યુવતિએ તેમનુ સ્કુટર બહાર પાર્ક કરીને ઘરમાં પ્રવેશ કર્યો, જેના થોડા જ સમયમાં પાડોશી મોહંમદ યાસીન એ તેમને બે શખ્સો દ્વારા સ્કુટર પર પેટ્રોલ રેડવામાં આવતુ હોવાની જાણ કરી હતી.

યુવતિએ બહાર આવીને જોયુ તો આ એ જ બે શખ્સો હતા જેમણે રસ્તામાં યુવતિનો પીછો કર્યો હતો. યુવતિએ પેટ્રોલ છાંટવાનો કારણ પુછતાં જ બંને આરોપીઓ ઉશ્કેરાઈ ગયા હતા. તેમણે યુવતિને અશ્લીલ ગાળો આપી અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

આરોપીઓએ પોતાના નામ જહાંગીર અને જાહીદ હોવાનુ જણાવ્યુ હતુ, જહાંગીરે યુવતિને ધમકાવતા કહ્યુ હતુ કે હું વાહીદને બોલાવીને તારી ખબર લઉ છું, જો કે આજુબાજુના લોકો ભેગા થતા જ બંને શખ્સો ઘટનાસ્થળેથી ભાગી છુટયા હતા. યુવતિની મોટી બહેને તાત્કાલીક પોલીસને જાણ કરતા સરખેજ પોલીસ ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી અને યુવતિની ફરીયાદના આધારે બંને આરોપીઓ વિરૂધ્ધ ગુન્હો નોંધી સીસીટીવી ફુટેજ દ્વારા તેમની શોધખોળ શરૂ કરી છે.

# લોકોના આરોગ્ય સાથે ચેડા કરનારી હોસ્પીટલો વિરૂધ્ધ આકરી કાર્યવાહી કરાશે : આરોગ્યમંત્રી પ્રફુલ પાનસેરીયા

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

પીએમજેએવાય મા યોજના અંતર્ગત ગેરરીતી આચરતી હોસ્પીટલો વિરૂધ્ધ રાજયના આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરીયાએ કડક કાર્યવાહી શરૂ કરી છે. જેમાં રાજય સરકારની લોકહિતકારી પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના માં અંતર્ગત ગરીબ અને મધ્યમ વર્ગીય નાગરીકોને ગુણવત્તાસભર નિઃશુલ્ક સારવાર મળી રહે તે સુનિશ્ચિત કરવા માટે આરોગ્ય વિભાગ સતત સજાગ હોવાનુ આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરીયાએ જણાવ્યુ હતુ સાથે ભવિષ્યમાં પણ જો કોઈ હોસ્પીટલ માનવ સેવા જેવી પવિત્ર જવાબદારીને અવગણીને ગેરરીતી કે માનવતા વિરોધી વર્તન કરશે તો રાજય સરકાર દ્વારા વધુ કડક પગલા લેવાની ચેતવણી આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરીયા દ્વારા મીડીયાના માધ્યમથી આપવામાં આવી છે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રીના માર્ગદર્શન હેઠળ અને આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરીયાની સુચના અન્વયે સરકારી યોજનામાં ગેરરીતી આચરતી હોસ્પીટલો સામે રાજય સરકારે કડક કાર્યવાહી હાથ ધરી છે. આકસ્મિક નિરીક્ષણ દરમિયાન યોજનાની માર્ગદર્શિકાનુ પાલન ન થતુ હોવાનુ જણાતા ૪ ખાનગી હોસ્પીટલમાંથી ૨ હોસ્પીટલને સસ્પેન્ડ કરવામાં આવી છે. જયારે અન્ય ૨ હોસ્પીટલોને કારણદર્શક નોટીસ ફટકારવામાં આવી છે.



આ હોસ્પીટલોમાં (૧) દીપ ચિલ્ડ્રન હોસ્પીટલ અને નીઓનેટલ કેર ગોધરા (પંચમહાલ) આ હોસ્પીટલમાં પીઆઈસીયુ અને એનઆઈસીયુ માટે જરૂરી માપદંડોની પુર્તતા ન હતી. એકસપાયર્ડ દવાઓ મળી, એમબીબીએસ ડોકટરો હાજર ન હતા , લાભાર્થીઓને યોજનાકીય માહિતી આપતુ કીઓસ્ક સ્થાપિત ન હતુ, ઈન્ફેકશન કંટ્રોલ માર્ગદર્શિકાનુ પાલન થતુ ન હતુ (૨) કાશીમાં હોસ્પીટલ ભરૂચ ને સસ્પેન્ડ કરવામાં આવી છે જેમાં પીઆઈસીયુ અને એનઆઈસીયુ માટેના માપદંડ પુરા ન હતા, ઈન્ફેકશન કંટ્રોલ માર્ગદર્શિકાનુ પાલન થતુ ન હતુ, લાભાર્થીઓને યોજનાકીય માહિતી આપતુ કીઓસ્ક સ્થાપિત ન હતું, નર્સિંગ સ્ટાફ કવોલીફાઈડ ન હતા, બપોરના ૧૨ વાગ્યા સુધી તબીબી અધિકારી હાજર ન હતા, બીયુ પરમીશન અને ફાયર એનઓસી ઉપલબ્ધ ન હતા (૩) માં ચિલ્ડ્રન અને જનરલ હોસ્પીટલ કાલોલ (પંચમહાલ) જેની ફરીયાદોમાં કારણદર્શક નોટીસ આપવામાં આવેલ જેમાં લાભાર્થીઓને યોજનાકીય માહિતી આપતુ કીઓસ્ક સ્થાપિત ન હતુ (૪) માં ચિલ્ડ્રન અને નીઓનેટલ કેર, દેવગઢબારીયા (દાહોદ) જેમાં હોસ્પીટલને કારણદર્શક નોટીસ આપવામાં આવેલ છે.

હોસ્પીટલની ફરીયાદોમાં એનઆઈસીયુમાં એકસપાયર્ડ દવાઓ મળી આવી હતી, હોસ્પીટલ દ્વારા સીસીટીવી ફુટેજ આપવાનો ઈન્કાર કર્યો હતો. લાભાર્થીઓને યોજનાકીય માહિતી આપતુ કીઓસ્ક સ્થાપિત ન હતું.

આ બાબતે આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરીયાએ મોડી રાત્રે ગરવી ગુજરાત સાથેની ટેલીફોનીક નિવેદનમાં જણાવ્યુ હતુ કે રાજય સરકાર આરોગ્ય સેવાઓને વધુ સુચારૂ, પારદર્શક અને લોકહિતકારી બનાવવા સતત પ્રયત્નશીલ છે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ આરોગ્ય ક્ષેત્રે માનવતાને પ્રથમ સ્થાન આપવાનો સંકલ્પ છે. પીએમજેએવાય માં યોજના એ ગરીબ અને જરૂરીયાતમંદ નાગરીકો માટે આશીર્વાદ સમાન છે તેથી કોઈપણ પ્રકારની ગેરરીતી કે માનવતા વિરોધી બેદરકારી સહન કરવામાં નહી આવે. વધુમાં પાનસેરીયાએ જણાવ્યુ હતુ કે ભવિષ્યમાં પણ સરકારી યોજનામાં માનવ સેવા વિરૂધ્ધ વર્તન કરનાર હોસ્પીટલ વિરૂધ્ધ રાજય સરકાર કડક થી કડક પગલા લેતી રહેશે.

# હિંમતનગરની સાબરકાંઠા બેંકમાં રાષ્ટ્રીય ગીત વંદે માતરમ નો સમુહગાનનો કાર્યક્રમ યોજાયો

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

રાષ્ટ્રીય ગીત વંદે માતરમને ૧૫૦ વરસ પુર્ણ નિમિત્તે સાબરકાંઠા જિલ્લાના મુખ્યમથક હિંમતનગર શહેરની સાબરકાંઠા કો.ઓ. બેંકના કર્મચારીઓ દ્વારા હિંમતનગરના પ્રથમ બેંક વેટ હોલ ખાતે રાષ્ટ્રગીતના સમુહગાનનો કાર્યક્રમ યોજાયો હતો.



આ પ્રસંગે આત્મનિર્ભર ભારત અંગે સ્વદેશી વસ્તુઓના ઉપયોગ કરવા પર્યાવરણ જાળવણી માટે શપથ લેવડાવવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં બેંકના ચીફ એકઝીકયુટીવ શ્રી એચ પી નાયક તથા અન્ય અધિકારી હરીશભાઈ પટેલ, પ્રવિણભાઈ પટેલ, ગીરીશભાઈ પટેલ સહિત મોટી સંખ્યામાં બેંકના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વાસદ-તારાપુર હાઈવે પર એસટી બસની ટકકરે અજાણી મહિલાનું મોત

(સંપૂર્ણ સમાચાર સેવા) આણંદ

આણંદ જિલ્લામાંથી પસાર થતા વાસદ તારાપુર સ્ટેટ હાઈવે ઉપર આવેલા પેટલાદ તાલુકાના ભારેલ ગામની સીમમાં એસટી બસની ટક્કરે અજાણી ભીક્ષુક જેવી મહિલાનું મોત નિપજ્યાની ફરિયાદ પેટલાદ રૂરલ પોલીસ મથકમાં નોંધાઈ છે. બોરસદ તાલુકાના રાસ ગામે નીલકંઠ ચોક વિસ્તારમાં ૩૨ વર્ષીય વિવેકભાઈ હર્ષદભાઈ દરજી પોતાના માતા, પિતા સહિતના પરિવાર સાથે રહે છે અને છેલ્લા ચાર વર્ષથી બોચાસણ ટોલ પ્લાઝાના હાઈવે પેટ્રોલીંગમાં સુપરવાઈઝરની નોકરી કરી જીવન ગુજરાન ચલાવે છે.